વિલિયમ ટેલ

સ્વિત્ઝર્લૅન્ડની લોકકથા





ઘણા સમય પહેલા ગેસલર નામનો એક દુષ્ટ રાજા હતો.
એણે સ્વિતઝર્લેન્ડ પર ઘણા વર્ષો સુધી રાજ કર્યું.
ગેસલર પાસે એક વિશાળ સેના હતી.
સૈનિકોની મદદથી એ પ્રજા ઉપર અત્યાચાર અને જુલમ કરતો હતો.

ગેસલરે બજારની વચમાં એની ટોપી એક ઊંચા વાંસ પર લટકાવી.
એની આસપાસ બે સૈનિકો રક્ષા કરવા ઉભા રહ્યા.
ગેસલર લોકોને એની તાકાત બતાવવા ચાહતો હતો.
એણે એક નવો કાયદો બનાવ્યો. હવે બધા લોકોએ બજારમાંથી
પસાર થતા ગેસલરની ટોપીની સામે ઝૂકવું જરૂરી હતું.

વિલિયમ ટેલ એક શિકારી હતો. એ બજારમાં જાનવરોની ખાલ વેચતો હતો.
એને ગેસલરનો આ કાયદો જરાય ગમ્યો નહીં.
"ગેસલર લોકો સાથે ગુલામો જેવું વર્તન કરે છે!" એણે એના પરિવારને કહ્યું.
"સ્વિસ લોકોએ ગેસલરની ટોપી સામે જરાય ઝૂકવું જોઈએ નહીં.
એમણે એના અધિકારો માટે લડવું જોઈએ."



બીજે દિવસે વિલિયમ ટેલ એના દીકરા સાથે બજાર ગયો.
ત્યાં પહેલા એણે જાનવરોની ખાલ વેચી.
પછી એણે ઘર માટે થોડો જરૂરી સામાન ખરીદ્યો.

પછી, વિલિયમ ટેલ અને એના દીકરાને,
બજારમાં ગેસલરની ટોપીની સામેથી પસાર થવું પડયું.
પણ એ ટોપી જોઈને ઝૂક્યા નહીં. એથી સૈનિકો બહુ નારાજ થયા.
એણે વિલિયમ ટેલ અને એના દીકરાને ટોપી સામે ઝૂકવાનું કહ્યું.
પણ તો પણ એ ઝૂક્યા નહીં.

સૈનિકો વિલિયમ ટેલ અને એના દીકરાને પકડીને ગેસલર પાસે લઈ ગયા.
"હું તમને તમારું જીવન બચાવવાનો એક મોકો આપીશ," દુષ્ટ ગેસલરે વિલિયમને કહ્યું.
"તારા દીકરાના માથા પર એક સફરજન રાખવામાં આવશે અને એ દૂર ઉભો રહેશે.
તારે દૂરથી સફરજન પર નિશાન લગાવીને એને પાડવું પડશે."



"હું મારા દીકરાનો જીવ જોખમમાં મૂકવા કરતાં
મરવાનું પસંદ કરીશ!" વિલિયમ ટેલે કહ્યું.
"જો તું આ પડકારનો સ્વીકાર નહીં કરે,
તો તારા દીકરાને મારી નાખવામાં આવશે," ગેસલર ઘૂરક્યો.



બે સૈનિકોએ વિલિયમ ટેલના દિકરાને પકડયો.
એ એને સો ફીટ દૂર એક ઝાડ પાસે લઈ ગયા.
વિલીયમ ટેલે એનું ધનુષ અને બે બાણ માંગ્યા.
એને બહુ ડર લાગી રહ્યો હતો. એના હાથ કંપે નહીં એ માટે એણે પ્રાર્થના કરી.
ચારે બાજુ નીરવ શાંતિ હતી. વિલિયમ ટેલે સંપૂર્ણ ધ્યાનથી નિશાન તાક્યું.
પછી એણે ધનુષમાંથી બાણ છોડયું.

હવાને ચીરીને બાણ તેજીથી આગળ વધ્યું.

એ સીધું સફરજન સાથે ટકરાયું.

સફરજનના બે ટૂકડા થઈ ગયા!

"વિલિયમ ટેલ અને એનો દીકરો સલામત છે!" લોકોની ભીડે બૂમ પાડી.

ગેસલરને છોડીને બાકી બધા બહુ ખુશ હતા.



"ઠીક છે," ગેસલર તાડૂક્યો.

"પણ એને માટે તું બે બાણ કેમ ચાહતો હતો?"

"જો હું પહેલું નિશાન ચૂકી જાત, તો બીજું બાણ તારે માટે હતું!"

વિલિયમ ટેલે રાડ પાડી.



એ સાંભળીને ગેસલરનો ચહેરો પીળો પડી ગયો.
એણે તરત સૈનિકોને બોલાવ્યા.
"તું જીવતો રહીશ, વિલિયમ ટેલ," ગેસલરે કહ્યું.
"પણ જેલની કાળી કોટડીમાં. ત્યાં તને તીર-કામઠાંની જરૂર નહીં પડે!"



એ પછી વિલિયમ ટેલને એક નાની નાવમાં બેસાડવામાં આવ્યો.
જયારે ગેસલરના સૈનિકો એને જેલમાં લઈ જઈ રહ્યા હતા, ત્યાં એક ભયંકર તોફાન આવ્યું.
તોફાનમાં નાવ હાલક-ડોલક થવા લાગી. ફક્ત સાહસી વિલિયમ ટેલ જ નાવને કિનારા સુધી લઈ જઈ શક્યો.
એણે સૈનિકોને પણ બચાવ્યા. કિનારે આવીને વિલિયમ ટેલ જમીન પર કૂદ્યો.
હવે એ બધી રીતે આઝાદ હતો!



હવે વિલિયમ ટેલ ગેસલરને વધારે ઘૃણા કરવા લાગ્યો હતો.

પ્રજા પણ ગેસલરના અત્યાચારોથી ત્રાસી ગઈ હતી.

એક દિવસ ગેસલર એના સૈનિકો સાથે પહાડ પર ફરવા જઈ રહ્યો હતો.

વિલિયમ ટેલ ઝાડીઓમાં સંતાઈ ગયો.

જેવો ગેસલર એની સામેથી નીકળ્યો, તો વિલિયમ ટેલે એને બાણ મારીને મારી નાખ્યો.

વિલિયમ ટેલ એક હીરો હતો.

એણે એના દેશ સ્વિતઝર્લેન્ડને ગેસલરના શાસનમાંથી મુક્ત કરાવ્યો.

એટલે આજે પણ લોકો વિલિયમ ટેલની બહાદુરીને યાદ કરે છે.

સ્વિતઝર્લેન્ડના લોકોએ વિલિયમ ટેલના સન્માનમાં ઘણી જગ્યાએ એના પૂતળા બનાવ્યા છે.

સમાપ્ત